**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૯ ટકા

# ગાંધીનગર પોલીસે પાંચ લાખનો દંડ વસુલ્યો

## કોરોનાનું સંક્રમણ વધતા પોલીસ તંત્ર એકશનમાં : શહેરમાં ચાર દિવસમાં ૫૦૦ નાગરીકો પાસેથી દંડની વસુલાત

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં દિવાળીના દિવસો બાદ કોરોના સંક્રમણના કેસમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. શહેરની સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે ત્યારે કોરોનાનો કહેર વધતા પોલીસ તંત્ર એકશન મોડમાં આવી ગયું છે. ગાંધીનગર શહેર-જિલ્લામાં જાહેર સ્થળો, માર્ગો પર, ભીડભાડવાળી જગ્યા અને ખાણીપીણીના સ્ટોલ સહિતના સ્થળો પર માસ્ક વિના જોવા મળતા નાગરીકો પાસેથી પોલીસે દંડનીય કાર્યવાહી શરુ કરી છે. પોલીસની આ કાર્યવાહી દરમિયાન ગાંધીનગરમાં ૫૦૦ નાગરીકો માસ્ક પહેર્યા વિનાના ઝપટે આવી ગયા હતા. ત્યારે છેલ્લા ચાર દિવસમાં પોલીસ તંત્રએ રૂ.૫ લાખનો દંડ વસુલ્યો છે.

મળતી માહિતી મુજબ દિવાળીના તહેવારો બાદ કોરોના પોઝીટીવ દર્દીઓનો ગ્રાફ ઉંચે જઈ રહ્યો છે. કોવીડ હોસ્પિટલમાં પણ દર્દીઓથી બેડ ભરાયેલા જોવા મળી રહ્યા છે. આરોગ્ય વિભાગ પણ કોરોનાને નાથવા માટે મથામણ કરી રહ્યું છે. ત્યારે હજુ પણ કેટલાક વ્યકિતઓ કોરોનાને સરળતાથી લઈ રહ્યા છે. જેને અનુલક્ષી પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું છે. તા. ૧૭ થી ૨૦ દરમિયાન પોલીસે માસ્ક વિના ફરતા નાગરીકો પાસેથી રૂ.૫ લાખનો દંડ વસુલ્યો છે. જેમાં તા.૧૭ ના રોજ ૨૯ હજાર, તા.૧૮ ના રોજ રૂ.૩૯ હજાર, તા.૧૯ ના રોજ રૂ.૨,૨૭,૦૦૦ અને તા. ૨૦ ના રોજ રૂ.૨,૦૪,૦૦૦ ના દંડની વસુલાત કરાઈ છે. જેમાં કલોલ, માણસા, દહેગામ, ચિલોડા, ડભોડા, પેથાપુર, અડાલજ, ઈન્ફોસીટી, સેકટર-૨૧, સેકટર-૭, પોલીસ મથક વિસ્તારમાં માસ્ક વિના ફરતા નાગરીકો પોલીસની નજરે પડ્યા હતા. જયારે પોલીસ તંત્ર દ્વારા આગામી સમયમાં પણ માસ્ક ડ્રાઈવ યથાવત રહેશે તેમ જાણવા મળ્યું છે.







સેકટર-૧૨ આંબેડકર ભવનના ગેટ પાસે એક ગાય ગટરમાં ફસાઈ ગઈ હતી. અનેક પ્રયત્નો કરવા છતાં તે ગટરમાંથી નીકળી ન શકતા તેનું મૃત્યુ થયું હતું. ખુલ્લી ગટર ગાય માટે મોતનો કુવો સાબિત થઈ હતી.

## વાસણ મંદિર સામે શહેરી બસ સેવા અને બાઈક વચ્ચે અકસ્માત : બાઈક ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક આવેલા વાસણીયા મહાદેવ મંદિર સામે માર્ગ પર શુક્રવારના રોજ બપોરના સુમારે શહેરી બસ સેવા અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકને છાતીના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયુ હતું. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાસણ ગામના પ્રવિણસિંહ વાઘેલાએ નોંધાવેલી ફરીયાદ મુજબ તેઓ વાસણ મહાદેવ મંદિર સામે કરીયાણાની દુકાન ચલાવે છે. ગતરોજ ફરીયાદી દુકાને હાજર હતા, ત્યારે બપોરના સાડાબાર વાગ્યાના અરસામાં દુકાન સામે માર્ગ પર શહેરી બસ સેવા અને બાઈક વચ્ચે અકસ્માત થતા ફરીયાદી જોવા માટે ગયા હતા. તેઓએ જઈને જોયું તો શહેરી બસ સેવાના ખાલી સાઈડના આગળના ટાયર પાસે ફરીયાદીના સગા કાકાનો દિકરો બાબુજી વાઘેલા ઈજાગ્રસ્ત હાલતમાં હતા. બાબુજીના શરીરના છાતીના ભાગે અને હાથે પગે ગંભીર ઈજા પહોંચી હતી. બનાવને પગલે ૧૦૮ ને કોલ કરતા તાત્કાલીક આવી પહોંચતા સ્ટાફના કર્મચારીઓએ બાઈક ચાલકને તપાસ કરીને મરણ જાહેર કર્યા હતા. ફરીયાદી તેમજ ગામના અન્ય નાગરીકોએ બસનો નંબર જોતા જી.જે.૧૮એ.ઝેડ.-૪૭૫૭ હતો અને બસની ખાલી સાઈડના પાછળના ટાયર પાસે મૃતકનું બાઈક નં.જી.જે.૧૮.એ.એસ.-૮૦૬૦ પડેલું હતું. જયારે બાઈક ચાલક બાલવા ચોકડી તરફ જઈ રહ્યા હતા તે સમયે શહેરી બસ સેવાના ચાલકે બસ પુરઝડપે ગફલતભરી રીતે હંકારી બાઈક સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકને ગંભીર ઈજાને પગલે સ્થળ પર જ મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## જન્મદિને વધામણી



જયશ્રી ઈશ્વરલાલ જોષી
નિ. નાયબ સેક્શન અધિકારી



અમીતાબેન કિરીટભાઈ પરેરા
મો. ૯૮૯૮૧ ૮૬૬૦૯




રાજ ચૌધરી
મો. ૯૪૨૮૩ ૧૧૦૮૭



જય દિલીપભાઈ પ્રજાપતિ
મો. ૯૩૭૭૫ ૩૭૭૭૦



વંશ દેવેન્દ્રભાઈ પરમાર
મો. ૯૯૭૪૬ ૮૯૩૨૩




સત્વ સતીશકુમાર બારોટ

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૧૦ લાભાર્થીઓને રાશન તથા મિઠાઈનું વિતરણ

લાભપાંચમના પછીના દિવસે શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા જાભચિતરીયામાં ૬ ગામોના ૯૦ લાભાર્થીઓને ચોખા તેમજ રામપ્રસાદ ખીચડી અને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ભીલોડા તાલુકામાં આવેલ અણસોલ ગામ જે ગુજરાતનું છેલ્લું ગામ છે ત્યાં ૨૦ લાભાર્થીઓને ચોખા, પ્રસાદ, ચા, નાસ્તો, થેલા, બિસ્કીટ અને રાધે તરફથી આવેલ ગલેફા મીઠાઈ ત્યાં બેસાડી આપવામાં આવી હતી. બે જણને ચપ્પલ તથા એકન સ્ટીલની સ્ટીક આપવામાં આવી હતી. ગાંધીનગરથી પ્રદિપ પ્રધાન, મિલિંદભાઈ, દેવ તથા શ્રી ગામેતી ભીલોડાથી ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. સુરેશ શાહ તરફથી દાન મળ્યું હતું.



જલારામ જયંતિની ઉજવણી શનિવારે થઈ હતી. જલારામ મંદિર ખાતે અન્નકુટ યોજાયો હતો. ભાવિક ભકતોએ સોશિયલ ડિસ્ટન્સના તમામ નિયમોના પાલન સાથે અન્નકુટના દર્શન કર્યા હતા.

# દેશના સપૂત સૈનિકોના પરિવારનું મ્હોં મીઠું કરાવી દિવાળીની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

એક તરફ દેશમાં કોરોના મહામારીના કેસો સતત વધતાં જઈ રહ્યા છે ત્યારે બીજી તરફ સરહદે દુશ્મન દેશ દ્વારા આંતકવાદી હુમલાના પ્રયાસો અને યુદ્ધ વિરામના ઉલ્લંઘન જેવી ઘટનાઓ સર્જવામાં આવી રહી છે. આ સ્થિતિમાં પણ આપણાં દેશના વીર સપૂત જવાનો દેશની રક્ષા કાજે સીમા પર અને દેશની અંદર વિવિધ સ્થળે તૈનાત રહી રાષ્ટ્રનું રક્ષણ કરી રહ્યા છે. ગાંધીનગર જિલ્લાના માણસા ખાતેના બે વીર જવાનો દેશની સેવામાં કાર્યરત છે ત્યારે માણસાના "આનંદીમાનો વડલો" વાનપ્રસ્થાશ્રમના માનદ મેનેજિંગ ટ્રસ્ટી દિનેશભાઈ પુરોહિતે આ બંને વેર સપૂત જવાનોના ઘરે જઈને પરિવારનું મ્હો મીઠું કરવી દીવાળીની ઉજવણી કરી હતી અને નુતન વર્ષની શુભેચ્છાઓ પાઠવવા સાથે પરિવારને અહેસાસ કરાવ્યો હતો કે "સમગ્ર દેશ તેમની સાથે છે."



દિપાવલીના પર્વ પર પરિવારની પરવા કર્યા સિવાય રાત દિવસ જોયા વગર દેશનું સરહદોનું રક્ષણ કરતા માણસાના બે સપુતો પૈકી એક જયેશભાઈ એમ શાહ જેઓ હાલમાં પોસ્ટીગ લદાખમાં જીલ નદી પાસે પેનકાંગ ખાતે ફરજો બજાવે છે જ્યારે અન્ય એક જવાન જીતુભાઈ સેનમા મધ્ય પ્રદેશમાં બોર્ડર પર સેવાઓ આપી રહ્યા છે, તેઓના માણસા ખાતેના નિવાસસ્થાને માણસાના સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસે જઈને પરિવારના ખબર અંતર પુછીને મોં મીઠું કરાવીને સૈનિક પરિવારના આશીર્વાદ લીધા હતા. આ પ્રસંગે માણસાના અગ્રણીઓ મોતીભાઈ પુરોહિત અને મેજર જયેશભાઈના ભાઈ કનુભાઈ શાહ અને કિર્તીભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર શહેરની આસપાસ મોટા પ્રમાણમાં વન વિસ્તાર આવેલો છે. જેના કારણે શહેરમાં નીલગાય, વાંદરા જેવા પ્રાણીઓની સતત અવરજવર રહે છે. મનપાના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર શનિવારે સવારે મોર્નિંગ વોકમાં નીકળ્યા ત્યારે તેઓની દૃષ્ટિ નીલગાયના બચ્ચાં પર પડી હતી. માતાથી છૂટા પડેલા આ બચ્ચાંને કુતરાઓએ ઘેરી લીધું હતું. સંવેદનશીલ નાજાભાઈ ઘાંઘરે આ બચ્ચાની સારવાર ઈન્દ્રોડા પાર્કમાં કરાવી હતી ત્યારબાદ તેને દેખરેખ માટે વનચેતના કેન્દ્રને સોંપાયું હતું.



દિવાળી પાવન પ્રસંગે સેકટર-૨ સ્થિત સ્વામીનારાયણ મંદિર ખાતે ભકતો દ્વારા અન્નકુટ દર્શનનું આયોજન કરાયું હતું. જેમાં સંતગણ અને ભકતો દ્વારા તૈયાર કરવામાં આવેલ અન્નકુટ ભગવાનને ધરાવવામાં આવ્યો હતો. જયારે ભગવાનના અન્નકુટના દર્શન કરી ભકતોએ ધન્યતા અનુભવી હતી

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. ગજ્જર લીલાબેન ચીમનલાલ, ઉ.વ. ૮૦, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. જયાબેન કીરીટભાઈ ભાવસાર, ઉ.વ. ૬૪, સેકટર-૨૫, ગાંધીનગર
- સ્વ. સીતાબેન વિઠ્ઠલભાઈ પટેલ, ઉ.વ. ૮૨, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. રાઠોડ પહલવાનસિંગ બિહારીલાલ, ઉ.વ. ૬૫, ચાંદખેડા, અમદાવાદ
- સ્વ. નિર્મલાબેન જયંતિલાલ ભાવસાર, ઉ.વ. ૮૭, સે-૨૮, ગાંધીનગર
- સ્વ. ભાવસાર હરિવદન રામવિલાસ, ઉ.વ. ૮૫, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. ભુલચંદ ટોપનદાસ સાનિયાણી, ઉ.વ. ૭૦, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. વિનોદભાઈ ભુલાભાઈ પટેલ, ઉ.વ. ૬૦, સે-૩૦, ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ નાગજીભાઈ રમણભાઈ, ઉ.વ. ૬૬, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. મકવાણા મહેન્દ્રસિંહ દિલીપસિંહ, ઉ.વ. ૩૫, સેકટર-૨૮, ગાંધીનગર
- સ્વ. મનમોહનસિંઘ પપનસિંઘ હુડા, ઉ.વ. ૬૯, નવરંગપુરા, અમદાવાદ
- સ્વ. ગીરીશચંદ્ર તુલસીદાસ સાધુ, ઉ.વ. ૬૩, રિદ્રોલ, તા. માણસા, ગાંધીનગર
- સ્વ. જસવંતભાઈ કચરાભાઈ રાઠોડ, ઉ.વ. ૬૬, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. ઈન્દુબેન પુરુષોત્તમભાઈ પરમાર, ઉ.વ. ૮૦, સે-૭, ગાંધીનગર
- સ્વ. ગાભાભાઈ ફુલાભાઈ રાવલ, ઉ.વ. ૫૮, પરબતપુરા, તા. માણસા
- સ્વ. પટેલ ગોરધનભાઈ મણીલાલ, ઉ.વ. ૬૭, પડુસ્મા, તા. માણસા
- સ્વ. બાદરભાઈ પુનાભાઈ દંતાણી, ઉ.વ. ૫૦, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. ચીનુભાઈ બાબુલાલ જાની, ઉ.વ. ૮૦, રાણીપ, અમદાવાદ
- સ્વ. પટેલ પ્રવિણકુમાર માધવલાલ, ઉ.વ. ૬૨, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. સ્મિતાબેન ભરતભાઈ ખંભાતી, ઉ.વ. ૫૦, ઘી-કાંટા, અમદાવાદ

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. તારાદેવી સત્યનારાયણ પોદ્દાર, ઉ.વ. ૭૦, ખોડીયારગામ, તા. દસક્રોઈ, અમદાવાદ

# કોરોના ટેસ્ટ પ્રત્યે લોકોમાં જાગૃતિ આવી

## વ્યકિતને રીપોર્ટ સ્થળ ઉપર જ લેખિતમાં મળે છે, પોઝીટીવ વ્યકિતને રીપોર્ટ આપી જવા દેવાય છે બાદમાં ઘરે તંત્ર પહોંચી કાર્યવાહી કરે છે

ગાંધીનગર, તા.૨૧

કોરોના મહામારીએ તહેવારો બાદ માથું ઉંચકતા સરકાર દ્વારા આકરા પગલાંની શરૂઆત થઈ ગઈ છે. જો કે કોરોના બિમારી માટે સાવચેતી એટલી જ જરૂરી હોવાની શહેરીજનોમાં જાગૃતિ આવી છે. જેથી સેકટર-૨ સ્થિત અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર ખાતે ટેસ્ટ માટે લોકો સ્વયંભુ આવી રહ્યા છે. આ હેલ્થ સેન્ટર ખાતે રેપીડ એન્ટીજન ટેસ્ટ નાક થકી કરવામાં આવી રહ્યો છે. હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફીસર ડૉ. ઋત્વીજ આચાર્ય એ આ અંગે જણાવ્યું હતું કે લોકોમાં બિમારી પ્રત્યે સભાનતા ઉભી થઈ છે અને બિમારીને શરૂઆતથી જ ટાળવા માટે સાવચેતી ખૂબ જ અગત્યની છે જેમાં સૌ પ્રથમ આ ટેસ્ટ થકી બિમારી છે કે નહી તે જાણી તેની યોગ્ય સારવાર સમયસર થાય તો બિમારીને નાથી શકાય છે.જે માટે શહેરીજનોએ જે જાગૃતિ બતાવી છે તે ખરેખર આવકારદાયક બની છે.



સેકટર-૨માં અર્બન હેલ્થ સેન્ટર ખાતે રેપીડ ટેસ્ટમાં થોડાક જ સમયમાં રીપોર્ટ જે તે વ્યકિતને સોંપી દેવાય છે. પરંતુ જો પોઝીટીવ હોય તો પણ સ્થળ ઉપરથી જ તેને હોસ્પીટલ કે નિયમ મુજબ કવોરોન્ટાઈન કરવાના બદલે તેને રીપોર્ટ આપી જવા દેવાય છે જે બાદ તંત્ર તેના જણાવેલ એડ્રેસે પહોંચી આગળની કાર્યવાહી કરે છે જે યોગ્ય ન હોવાનું નાગરિકો જણાવી રહ્યા છે. કારણ કે પોઝીટીવ વ્યકિત તે સમય દરમિયાન કોઈના પણ સંપર્કમાં આવવાથી સંક્રમણ વધારી શકે છે એ ઘણું ગંભીર ગણાય જેથી તંત્ર આ કામગીરીમાં ફેરફાર કરે તે વધુ ઈચ્છનીય છે.





આ વર્ષે કોરોના મહામારીના સમયે દીપાવલી તથા નૂતનવર્ષના અવસર પર કુમારી અવની પ્રકાશ દવે એ સેક્ટર ૩- એ ન્યૂ પ્લૉટ નં- ૫૭/૨ પોતાના નિવાસસ્થાને કોરોનાથી દુર રહેવાનો શ્રેષ્ઠ ઉપાય દર્શોવતી પરંપ' ની સુંદર રંગોળી બનાવેલ છે. આ રંગોળીમાં માસ્ક પહેરવુ તથા દુરથી નમસ્કાર કરવા તેવો સંદેશ આપવામાં આવ્યો છે.